| | | |
|---|---|---|
| **GJBN050034682025** | | દાખલ તારીખ : ૨૪/૧૧/૨૦૨૫<br>નોંધ્યા તારીખ : ૨૪/૧૧/૨૦૨૫<br>ફેંસલ તારીખ : ૦૨/૦૫/૨૦૨૬<br>સમયગાળો : દિવસ માસ વર્ષ<br>૦૮ ૦૫ ૦૦ |

**<u>મહુવાનાં મહે. એડી સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.મહુવા.</u>**

રે.દિ.મુ.નં. : ૩૪૯/૨૦૨૫

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ,
તે ઈલેકટ્રીકસીટી સપ્લાય માટે રચાયેલ કંપની
વડી કચેરી, રાજકોટ, થ્રુ તેની અન્ય પેટા વિભાગ
રૂરલ–૨,પેટા વિભાગની ઓફીસ, મહુવા,
જિ.ભાવનગર. **.....વાદી**

**–:: <u>વિરૂધ્ધ</u> ::–**

બટુકભાઈ નાથાભાઈ પરમાર,
ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર,
રહે. કળસાર,તા.મહુવા, જી.ભાવનગર. **.....પ્રતિવાદી**

**<u>બાબત : દાવો રૂા.૮૪,૧૪૩–૭૪ પૈસા વસુલ મેળવવા અંગે</u>**

વાદી તરફે : વિ.વ.શ્રી.કે.વી.વૈદ્ય.
પ્રતિવાદી તરફે : એક તરફી

***<u>–: ચુ કા દો :–</u>***

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી કંપની વીજ વિતરણની કામગીરી કરે છે નિયમાનુસાર રચવામા આવેલ કંપની છે અને પ્રતિવાદી તેમના ઘરની બાજુમાંથી પસાર થતી હળવા

દબાણનાં વાયરમાં વાયર વડે ડાયરેકટ હુકીંગ કરી પોતાનાં મકાનમાં ગેરકાયદેસર રીતે વિજ વપરાશ કરતા ઝડપાયેલ. આમ, પ્રતિવાદી ગેરકાયદેસર રીતે પાવર ચોરી કરી વિજળીનો વપરાશ કરતા હોય, કંપનીનાં નિયમો મુજબનુ બીલની રકમ (વિલંબીત ચુકવણી ચાર્જ તથા નોટીસ ખર્ચ સહીત) કુલ રૂા.૮૪,૧૪૩–૭૪ પૈસા ભરપાઈ ન કરતા વાદીએ પોતાની ઉપરોકત લેણી રકમ વસુલ મેળવવા પ્રતિવાદીને નોટીસ આપેલી આમ છતાં પ્રતિવાદીએ વાદીની લેણી રકમ ચુકવી ન આપતા વાદીએ દાવો કરેલ છે.

(૨) વાદીએ દાવો દાખલ કરતા પ્રતિવાદીને સમન્સ કરતા ધોરણસર સમન્સ બજી ગયેલ છે જે આંક–૦૫ થી રજુ છે. તેમજ સદરહું સમન્સ બજી જવા છતા તેઓ હાજર રહેલ નથી કે દાવાનો જવાબ રજુ કરેલ નથી જેથી પ્રતિવાદી વિરૂધ્ધ એકતરફી કાર્યવાહી ચલાવવા હુકમ કરેલ છે.

(૩) દાવાના નિર્ણય માટે આંક–૦૭ થી નીચે મુજબના મુદ્દા ફ્રેમ કરવામાં આવેલ છે.

**<u>મુદ્દા નં.૧</u> :–** શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી તેઓનાં કાયદેસરનાં ગ્રાહક ન હોવા છતાં વાદી કંપનીની વિજ લાઈનમાંથી ડાયરેકટ પાવર લઈ પાવર ચોરી કરતા હતા ?

**<u>મુદ્દા નં.૨</u> :–** શુ વાદી પુરવાર કરે છે કે, પાવર ચોરીનાં બીલનાં પ્રતિવાદી પાસે રૂા.૮૪,૧૪૩–૭૪ પૈસા લેણા નિકળે છે ?

**<u>મુદ્દા નં.૩</u> :–** શું વાદી પુરવાર કરે છે કે, વ્યાજની રકમ મેળવવા હકકદાર છે ? જો હા તો કટેલા દરે ?

**<u>મુદ્દા નં.૪</u> :–** શુ વાદી માંગ્યા મુજબની દાદ મેળવવવા હકકદાર છે ?

**<u>મુદ્દા નં.૫</u> :–** શું હુકમ અને હુકમનામુ ?

(૪) ઉપરોકત મુદ્દાના મારા જવાબો નીચે મુજબ છે.

**<u>મુદ્દા નં.૧</u> :–** હકારમાં.

**<u>મુદ્દા નં.૨</u> :–** અંશત:હકારમાં.

**<u>મુદ્દા નં.૩</u> :–** અંશત: હકારમાં. ૬ % ના દરે.

**<u>મુદ્દા નં.૪</u> :–** અંશત:હકારમાં

**<u>મુદ્દા નં.૫</u> :–** આખરી હુકમ મુજબ.

(૫) વાદી તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે :

| **<u>વાદી તરફે રજુ થયેલ મૌખિક પુરાવો</u> :–** | | |
|---|---|---|
| **ક્રમ** | **આંક** | **પુરાવાની વિગત :–** |
| (૧) | ૦૯ | ગુલામમોઈનુદીન એ.પટેલ નું સરતપાસનું સોગંદનામું |
| **<u>વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ</u> :–** | | |
| **ક્રમ** | **આંક** | **પુરાવાની વિગત :–** |
| (૧) | ૧૧ | પ્રફોર્મા નં.૧૨.ની નકલ. |
| (૨) | ૧૨ | તપાસણી અહેવાલની ખરી નકલ. |
| (૩) | ૧૩ | વાદીએ કરેલ પંચરોજકામની નકલ. |
| (૪) | ૧૪ | એનેક્ષર–જ તથા ફોટા |
| (૫) | ૧૫ | એનેક્ષર–સી ની નકલ. |
| (૬) | ૧૬ | પુરવણીબીલ |
| (૭) | ૧૭ | વાદીએ કરેલ પોલીસ ફરીયાદ તથા એફ.આઈ.આર. |
| (૮) | ૧૮ | ગણતરી શીટ |
| (૯) | ૧૯ | ગુજરાત સરકારે પ્રસિધ્ધ કરેલ વ્યાજનાં દરનું ગેઝેટ |
| (૧૦) | ૨૦ | વાદી ધ્વારા પ્રતિવાદીને વકીલ મારફતે આપેલ નોટીસની ઓ.સી. |
| (૧૨) | ૨૧ | કલોઝીંગ પુરશીસ. |

(૬) વાદી તરફે વિ.વ.શ્રી કે.વી.વૈદ્ય નાઓની દલીલો સાંભળવામાં આવી.

## –: કારણો :–

**મુદ્દા નંબર : ૧ ની ચર્ચા :–**

(૭) આ કામે વાદી તરફે આંક–૦૯ થી એવો પુરાવો આપે છે કે, આ કામનાં પ્રતિવાદી તેમના ઘરની બાજુમાંથી પસાર થતી હળવા દબાણનાં વાયરમાં વાયર વડે ડાયરેકટ હુકીંગ કરી પોતાનાં મકાનમાં ગેરકાયદેસર રીતે વિજ વપરાશ કરતા ઝડપાયેલ. આમ,પ્રતિવાદી ગેરકાયદેસર રીતે પાવર ચોરી કરી વિજળીનો વપરાશ કરતા માલુમ પડતા, વાદી કંપની દવારા આ કામનાં પ્રતિવાદીને તેઓએ બીન અધિકૃત રીતે ગેરકાયદેસર રીતે બીન અધિકૃત રીતે ગેરકાયદેસર રીતે ચોરી કરીને વાપરેલ વિજળી વપરાશનું પાવર ચોરીનું કંપનીનાં નિયમો મુજબનું બીલ રૂા.૫૮,૬૯૯–૧૬ પૈસા આપવા છતાં ભરપાઈ નહિ કરતાં, વાદીએ પોતાની ઉપરોકત લેણી રકમ વસુલ મેળવવા પ્રતિવાદી ને નોટીસ આપેલી આમ છતાં પ્રતિવાદીએ વાદીની લેણી રકમ ચુકવી ન આપતા તે બીલ ઉપર ડીલેપેમેન્ટ ચાર્જના રૂા.૨૪,૪૪૪–૫૮ પૈસા તથા નોટીસ ખર્ચ રૂા.૧,૦૦૦/– મળી કુલ રકમ રૂા.૮૪,૧૪૩–૭૪ પૈસા વસુલ મેળવવા હકકદાર બને છે તેમ જણાવે છે. વધુમાં, વાદીએ પોતાના પુરાવાના સમર્થનમાં આંક–૧૧ થી પ્રફોર્મા નં.૧૨, આંક–૧૨ થી તપાસણી અહેવાલ, આંક–૧૩ થી પંચ રોજકામ, આંક–૧૪ થી એનેક્ષર–૪ તથા ફોટા, આંક–૧૫ થી એનેક્ષર–સી, આંક–૧૬ થી પુરવણી બીલ, આંક–૧૭ થી વાદીએ કરેલ પોલીસ ફરીયાદ, આંક–૧૮ થી ગણતરી શીટ, આંક–૨૦ થી વાદીએ પ્રતિવાદી ને આપેલ નોટીસની ઓ.સી.રજુ કરેલ છે જે મુજબ પ્રતિવાદી ની વીજ વપરાશની બીલની રકમ (વિલંબીત ચુકવણી ચાર્જ તથા

નોટીસ ખર્ચ સહીત) કુલ રૂા.૮૪,૧૪૩–૭૪ પૈસા લેણા દર્શાવેલ છે. વધુમાં વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં આંક–૧૧ થી રજુ થેલ પ્રફોર્મા નં.૧૨ માં બટુકભાઈ નાથાભાઈ પરમાર જણાવેલ છે જે પ્રતિવાદીનું નામ હોવાનું જણાય આવે છે. આંક–૧૨ થી રજુ તપાસણી અહેવાલમાં પણ નામ બટુકભાઈ નાથાભાઈ પરમાર જણાવેલ છે જે પ્રતિવાદીનું નામ હોવાનું જણાય આવે છે. આંક–૧૩ થી રજુ પંચ રોજકામમાં પણ  બટુકભાઈ નાથાભાઈ પરમાર જણાવેલ છે. આંક–૧૪ થી  રજુ એનેક્ષર–૪ માં પણ બટુકભાઈ નાથાભાઈ પરમાર જણાવેલ છે. આંક–૧૫ થી રજુ એનેક્ષેર–સી માં પણ  બટુકભાઈ નાથાભાઈ પરમાર નામ જણાવેલ છે. આંક–૧૬ થી રજુ પુરવણી બીલમાં પણ  બટુકભાઈ નાથાભાઈ પરમાર નામ જણાવેલ છે.  આંક–૧૭ થી રજુ વાદીએ કરેલ પોલીસ ફરીયાદમાં પણ  બટુકભાઈ નાથાભાઈ પરમાર નામ જણાવેલ છે. આંક–૧૮ થી રજુ ગણતરી શીટમાં પણ  બટુકભાઈ નાથાભાઈ પરમાર નામ જણાવેલ છે.  તેમજ આંક–૨૦ થી રજુ  વાદી ધ્વારા મોકલાવેલ નોટીસમાં પણ પ્રતિવાદીનું નામ છે. આમ, વાદી તરફે રજુ થયેલ દરેક દસ્તાવેજોમાં સદરહું પ્રતિવાદીનું નામ જણાય આવે છે. જે અન્વયે એ સાબીત થાય છે કે,આ કામનાં પ્રતિવાદી તેમના ઘરની બાજુમાંથી  પસાર થતી હળવા દબાણનાં વાયરમાં વાયર વડે ડાયરેકટ હુકીંગ કરી પોતાનાં મકાનમાં ગેરકાયદેસર રીતે વિજ વપરાશ  કરી પ્રતિવાદી વાદીનાં કાયદેસરનાં ગ્રાહક ન હોવા છતાં વાદી કંપનીની વિજ લાઈનમાંથી ડાયરેકટ પાવર લઈ પાવર ચોરી કરેલ છે.  જેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૮) **<u>મુદ્દા નં.૨ થી મુદ્દા નં. ૪ ની સંયુકત ચર્ચા :–</u>**

આ કામે મુદ્દા નં. ૨ થી ૪ એકબીજાને સંકળાયેલ હોય, પુનરાવર્તનનો દોષ ટાળવા સારૂ તેની અત્રે સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે. વધુમાં, આ કામે આંક–૧૧ થી રજુ થયેલ પર્ફોમા–૧૨ ધ્યાને લેતા તેમા ડી.પી.સી તરીકેની રકમ રૂા.૨૪,૪૪૪–૫૮ પૈસા દર્શાવેલ છે અને આવી રકમને કુલ લેણી રકમમાં ઉમેરવામાં આવેલ છે. પરંતુ આ રકમની કેવી રીતે ગણતરી કરવામાં આવેલ છે તે દર્શાવવામા આવેલ નથી. વધુમાં, વાદી જયારે જયારે પ્રતિવાદીએ બીલની રકમ ચુકવી આપેલ નથી ત્યારે ત્યારે દાવો કરી શકયા હોત પરંતુ વાદી જો દાવો કરવામા વિલંબ કરે તો તેવા વિલંબનો ચાર્જ પ્રતિવાદી પર નાંખી શકાય નહી કારણ કે પ્રતિવાદી જો બીલની લેણી રકમ ચુકવી ન આપે તો કાયદાકીય જોગવાઈ મુજબ વાદી તુરત જ દાવો લાવી શકે છે. આમ છતા વાદી દાવો લાવવામા વિલંબ કરે અને પ્રતિવાદી પાસેથી લેણી રકમ વસુલ કરવામા ઢીલ દાખવે તો તેવી ઢીલ બદલ વિલંબીત ચુકવણી ચાર્જ વસુલ મેળવી શકાય નહી. આમ વાદીની લેણી રકમ કુલ રૂા.૮૪,૧૪૩–૭૪ પૈસા માંથી ડી.પી.સી.ના રૂા.૨૪,૪૪૪–૫૮ પૈસા તથા નોટીસ ખર્ચ રૂા.૧,૦૦૦/– બાદ કરતા વાદી પ્રતિવાદી પાસેથી રૂા.૫૮,૬૯૯–૧૬ પૈસા વસુલ મેળવવા હકકદાર બને છે તેવુ મારુ માનવુ છે.

વધુમાં વાદીએ ઉપર ચર્ચા કરી તે મુજબ પ્રતિવાદી પાસેથી લ ેણી નીકળતી રકમમાં ડી.પી.સી.ની રકમ ઉમેરેલ છે તથા પ્રતિવાદી પાસેથી ડી.પી.સી. ચાર્જ તરીકે રૂા.૨૪,૪૪૪–૫૮ પૈસા લેણા હોવાનુ જણાવે છે, પરંતુ વિલંબિત ચુકવણીની કેટલી રકમ કયાં દરે તથા તેની ગણતરી કેવી રીતે કરવામાં આવી તેમજ કયાં કરારના આધારે આવી રકમ મેળવવા હકકદાર છે તેવું કોઈ રેકર્ડ વાદી રજુ કરી શકેલ નથી.

આમ વાદી પ્રતિવાદી પાસેથી ડી.પી.સી. માંગણી મુજબનો ડી.પી.સી.ચાર્જ વસુલ મેળવવા હકકદાર હોય તેવું સાબીત થતું ન હોય વાદી પ્રતિવાદી પાસેથી માત્ર રૂ.૫૮,૬૯૯–૧૬ પૈસા વીજ વપરાશના ઈલેકટ્રીક ચાર્જ તરીકે વસુલ મેળવવા હકકદાર થાય છે.

વાદીએ પોતાની દાવા અરજીમાં ૧૬ % ચઢત વ્યાજ સહીત બાકી લેણી રકમની માંગણી કરેલ છે. જે એક રીતે બાકી રકમ પરનું વ્યાજ છે. પરંતુ, વાદી પ્રતિવાદી પાસેથી કોઈ કરાર આધારે આ વ્યાજની રકમ વસુલ મેળવવા હકકદાર હોય તેવું સાબિત કરી શકેલ નથી. વાદી ધ્વારા ૧૬ % નાં દરે ચઢત વ્યાજની માંગણી કરવામા આવેલ છે તે ખુબ જ વધારે પડતી છે. તે સંજોગોમાં સિવિલ પ્રો.કોડની કલમ : ૩૪ નો પરંતુક ધ્યાને લેતાં વાદી લેણી રકમ ઉપર કાયદાકીય જોગવાઈ અનુસાર બેંક રેટ મુજબ વ્યાજ મેળવવા હકકદાર છે તેવું મારુ માનવુ છે. હાલમાં રાષ્ટ્રીયકૃત બેંકમાં વ્યાજનો સરેરાશ દર ૬ % છે. આમ વાદીની વ્યાજ અંગેની માંગણી અશંત: ગ્રાહય રાખી ૬ % વ્યાજ ચુકવી આપવાનો હુકમ કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે. વાદી, પ્રતિવાદી પાસેથી દાવા તારીખથી લેણી રકમ રૂ.૫૮,૬૯૯–૧૬ પૈસા પર હુકમનામાં તારીખ સુધી વાર્ષિક ૬ % લેખે સાદુ વ્યાજ મેળવવા હકદાર બને છે. આમ, વાદી માંગ્યા મુજબની દાદ અંશત: મેળવવા હકકદાર બનતા હોય મુદ્દા નં.૨ થી ૪ અં શત:હકારમાં આપી મુદ્દા નં.૫ માટે નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

## –: આખરી હુકમ :–

(૧) વાદીનો હાલનો દાવો આથી અંશત:મંજુર કરવામાં આવે છે. આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીને લેણી રકમ રૂા.૫૮,૬૯૯–૧૬ પૈસા ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે તેમજ પ્રતિવાદી એ વાદીને સદરહુ લેણી રકમ પર દાવા તારીખથી હુકમનામાની તારીખ સુધી વાર્ષિક ૬ % (છ ટકા) લેખે સાદુ વ્યાજ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) પ્રતિવાદીએ વાદીના દાવાનો ખર્ચ અલગથી ચુકવી આપવો.

(૩) હુકમ અનુસાર હુકમનામુ દોરવુ.

હુકમ આજ તા.૦૨ જી, માહે.મે, સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૨/૦૫/૨૦૨૬
સ્થળ–મહુવા.

(જયેશકુમાર બાબુભાઈ શર્મા)
એડીશ્નલ સિવિલ જજ,મહુવા.
કોડ નં.જીજે૦૧૬૨૩

એ.એમ.વાળા